# પાકિસ્તાનની અવળચંડાઈથી અઘોષિત યુદ્ધની સ્થિતિ

**સરહદની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને હિજરત કરવી પડી રહી છે : યુદ્ધ વિરામનો ભંગ કરી પાકિસ્તાને તેના નાપાક ઈરાદાઓ જાહેર કર્યા : ભયનો માહોલ**

ગાંધીનગર, તા. ૨૫

સરહદ સળગી રહી છે. સવારે-સાંજે ગમે ત્યારે સરહદ પારથી થતી ગોળીબારી અને તોપમારો સ્થાનિકોને સતત ડરમાં રાખી રહ્યો છે. સામા પારથી

**સમયસર**

આવતી ગોળીએ વિંધાવુ ન પડે તે માટે ગામોમાંથી હિજરત થઈ રહી છે. જમ્મુ-કાશ્મીરના સરહદી વિસ્તારોમાં પાકિસ્તાની સેના તરફથી સતત થઈ રહેલા હુમલાથી અઘોષિત યુદ્ધની સ્થિતિ પેદા થઈ છે.

રમઝાન માસમાં ભારત સરકારે જમ્મુ-કાશ્મીરમાં સ્થાનિક કક્ષાએ યુદ્ધવિરામની જાહેરાત કરી આતંકવાદીઓ સામેના ઓપરેશન બંધ કર્યા છે પરંતુ સરહદ પારથી થઈ રહેલી સતત ગોળીબારી અને તોપમારાએ સ્થાનિકોનુ જીવન દોઝખ બનાવી દીધુ છે. ભારત-પાક. વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ અને વિવાદગ્રસ્ત નિયંત્રણ રેખા પરના કઠુઆ, જમ્મુ, પુંચ, રાજૌરી અને ઉરી વિસ્તારમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવી પાકિસ્તાની સેના તરફથી જોરદાર હુમલો થઈ રહ્યો છે. સતત થઈ રહેલી ગોળીબારી અને મોર્ટાર હુમલામાં ડઝનથી વધુ સ્થાનિકો હોમાઈ ચુક્યા છે. બાળકો અને મહિલાઓ પણ તેમાંથી બાકાત નથી. આ અઘોષિત યુદ્ધની સ્થિતિના કારણે સ્થાનિકોને પોતાના ગામ, પોતાના ઘર છોડીને હિજરત કરવી પડી રહી છે. પાકિસ્તાનને ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો છે તેમ છતાં પાકિસ્તાને તેની આડોડાઈ છોડી નથી. પરિણામે અહીંની સ્થિતિ ૧૯૭૧ના યુદ્ધ કરતાં પણ વધુ કફોડી બની છે.

વર્ષ-૨૦૦૨-૦૩ દરમ્યાન તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ નિયંત્રણરેખા પર સામસામે થતા તોપમારા અટકાવવા એકતરફી યુદ્ધબંધી (સીઝફાયર)ની જાહેરાત કરી એ પછી આંતરરાષ્ટ્રીય દબાણને કારણે પાકિસ્તાને પણ યુદ્ધબંધીનો સ્વીકાર કરવો પડ્યો. બંને દેશ વચ્ચે વિધિવત યુદ્ધ કહી શકાય તેવી લડત નથી પરંતુ સામસામા ગોળીબાર ચાલુ જ છે. એવુ કહેવાય છે કે સરહદ પરના ગ્રામ્ય વિસ્તારોને ટાર્ગેટ બનાવી કરવામાં આવતા હુમલાઓથી સેનાનુ ધ્યાન ભટકાવવામાં આવે છે જેની પાછળનો મલિન ઈરાદો હોય છે. આતંકવાદીઓની ઘૂસપેઠ શિયાળો પુરો થાય પછી આવા હુમલાઓના બનાવો વધી જાય છે.

સૈન્ય તરફથી મળતી માહિતી પ્રમાણે વર્ષ ૨૦૧૬માં પાકિસ્તાન તરફથી યુદ્ધબંધી ભંગના ૨૨૮ કિસ્સા નોંધાયા હતા જે ગયા વર્ષે ૫૫૦ સુધી પહોંચ્યા છે. જ્યારે આ વર્ષના પ્રથમ સાડા પાંચ મહિનામાં જ સરહદ પારથી સીઝફાયર ઉલ્લંઘનના ૮૮૦ થી વધુ કિસ્સા નોંધાયા છે.

છેલ્લા કેટલાય સમયથી કાશ્મીર મુદ્દે ભારત-

● અનુસંધાન પાન-૭ પર

# બાપુ જૂથની અવગણના ભાજપને ભારે પડશે

**બાપુના સમર્થકો સક્રિય થતાં ભાજપના આંતરકલહની વાતો ચરમસીમાએ પહોંચી :નારાજ કાર્યકર્તા જળસંચય અભિયાનમાં સક્રિય થવાને બદલે અળગા : મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીના અણ બનાવો તેમજ મંત્રીમંડળની બેઠકોમાં નીતિ વિષયક નિર્ણયો લેવાનુ ટાળવામાં આવતાં ભાજપનો ડખ્ખો મોટો હોવાની વાતો**

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ભાજપમાં પુનઃ એકવાર અસંતોષની આગ સપાટી પર આવી છે. નાયબ મુખ્યમંત્રીને લઈ ચાલતી વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાની એરણે છે ત્યાં આજે કોંગ્રેસ છોડી ભાજપમાં પ્રવેશેલા બાપુ જૂથે પણ તેમની અવગણનાને લઈ આજે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે બેઠક યોજી હતી.

બંધ બારણે યોજાયેલી બેઠકમાં પૂર્વ ધારાસભ્યો હાજર રહ્યા હતા અને તેમની સતત કરવામાં આવી રહેલી અવગણનાને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. રામસિંહ પરમાર અને માનસિંહ ચૌહાણ તેમજ મહેન્દ્રસિંહ વાઘેલા આ બેઠકમાં હાજર રહ્યા હતા. જેમાં આગામી વ્યુહરચના તૈયાર કરવામાં આવી



હોવાનું જાણવા મળેલ છે.

નવી સરકારની રચના પછી પૂર્વ ધારાસભ્યોને સરકારના બોર્ડ-નિગમ કે પક્ષના સંગઠનમાં કે સરકારમાં સ્થાન નહિ આપી સાઈડલાઈન કરવામાં આવી રહ્યાની લાગણી આ સભ્યોએ વ્યક્ત કરી હતી.

આ લાગણી પૂર્વ વિપક્ષી નેતા



શંકરસિંહ વાઘેલાને પહોંચાડવા બાબતે પણ ચર્ચાઓ થઈ હતી. મળતી વિગતો પ્રમાણે બાપુ ત્રીજા મોરચા માટે ગુજરાતમાં વધુ રસ ધરાવી રહ્યા છે અને તેને લઈ તેઓ સક્રિય થવા પણ તૈયાર હોવાનું જાણવા મળેલ છે.

આજની આ બેઠકનું મહત્વ એટલા માટે વધી જવા પામ્યુ છે કે



ગુજરાતમાં રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ આવી રહ્યા છે. પક્ષના સંગઠનમાં ફેરફારની વાતો ક્યારનીય થાય છે પણ કશુ જ નક્કર બની ઉભરતુ નથી. જિલ્લાઓમાં પણ જે નિમણુંકો મોરચા કે સંગઠનની વિવિધ પાંખોની ખાલી હોય તે ભરવાની સૂચનાઓ આપ્યા પછી પણ કોઈ



કાર્યવાહી થઈ રહી નથી.

ભાજપમાં ચાલી રહેલો આંતરકલહ જે રીતે સપાટી પર આવી રહ્યો છે તેનાથી ભાજપનો કાર્યકર પણ નારાજ થયો છે.

જળસંજય અભિયાનમાં પણ સંગઠનની સક્રિયતાનો અભાવ જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી રૂપાણી પણ આ અભિયાનને લઈ



એકલા પડી ગયાનો અહેસાસ વ્યક્ત કરી શકતા નથી. છેલ્લી બે થી ત્રણ મંત્રીમંડળની બેઠકમાં પણ નીતિ વિષયક નિર્ણયો લેવાતા નથી.

આ બધી જ ઘટનાઓ ભાજપના આંતરકલહની ગવાહી પૂરે છે.

# આગામી ૩૧મીએ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ

**જિલ્લામાંથી અંદાજિત ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી**

ગાંધીનગર તા ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૩૧ મેં ના રોજ ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરાશે. બોર્ડ દ્વારા અગાઉ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયા બાદ ધોરણ -૧૦ નુ પરિણામ પણ આગામી તા ૨૮ મેં ના રોજ જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ આ મહીનાના અંતમાં જાહેર કરી દેવાતા પરિણામલક્ષી ઈન્તેજારીનો અંત આવશે. ગાંધીનગર જિલ્લામાંથી ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી.

ગત માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના તબક્કાવાર પરિણામો જાહેર કરવામાં આવી રહયા છે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી બોર્ડ પરીક્ષાના પરિણામની તારીખો તબક્કાવાર જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે બે દિવસ અગાઉ ધોરણ -૧૦ નુ પરિણામ તા ૨૮ મેં ના રોજ જાહેર કરવાની જાહેરાત પણ શિક્ષણ બોર્ડ કક્ષાએથી કરવામાં આવી હતી. જયારે પ્રથમ તબક્કામાં બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ધોરણ -૧૦ની તારીખ જાહેર કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## આગામી જુલાઇમાં વિજ્ઞાન પ્રવાહના નાપાસ ઉમેદવારોની પુરક પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહની બોર્ડ પરીક્ષાનુ પરિણામ જાહેર કરી દેવાયા બાદ આ પરીક્ષામાં એક કે બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા આગામી જુલાઈ મહીનામાં લેવાશે. આવા ઉમેદવારી બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી મારફતે મોકલવામાં આવશે. જે અન્વયે સંબંધિત કાર્યવાહી પુર્ણ કરવા માટે પણ બોર્ડના સચિવ ડી એસ પટેલે જણાંવ્યુ છે.

## જૂનના પ્રથમ પખવાડિયામાં ગ્રામસભા અભિયાન યોજવા તંત્રની કવાયત

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લામાં જૂનના પ્રથમ પખવાડિયામાં ગ્રામસભાઓ યોજવાને લઈ તંત્રએ તેની કવાયત હાથ ધરી છે. ગ્રામસભાઓના આયોજન અંગે હજુ તાલુકાઓમાંથી વિગતો માંગવામાં આવી રહી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે. જિલ્લાઓમાં ગ્રામસભા અભિયાન ચોમાસાના આગમન પૂર્વે કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલા સંકેતને પગલે તંત્રએ કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ચોમાસુ બીજા પખવાડિયામાં સમયસર આવશે તેવુ મનાઈ રહ્યુ છે અને ચોમાસુ સક્રિય થતાં ખેડૂતો ખેતીના કામમાં વ્યસ્ત થશે તેને પગલે પ્રથમ પખવાડિયામાં જ ગ્રામસભાઓ યોજવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ વખતની ગ્રામસભાના અભિયાનને આમ તો છેલ્લા છ-સાત વર્ષથી નિયમિત રીતે યોજાતુ હોવાની વાતો પણ પંચાયતના વર્તુળો કહી રહ્યા છે. જોકે આ વખતની ગ્રામસભાઓમાં ખાસ કરીને પ્રજાના પ્રશ્નો અંગે વધુ ભાર મુકવામાં આવશે એટલુ જ નહિ જે પ્રશ્નો અગાઉના અભિયાનમાં રજુ થયા છે તેના ઉકેલ માટે કરવામાં આવલ કાર્યવાહી સાથેની વિગતો પણ એકત્ર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને ઘટતી જતી જાહેર વાહન-વ્યવહાર અર્થાત એસ.ટી. બસોની સુવિધા, શાળાઓમાં શિક્ષકોની ઘટ, વિકાસના કામોમાં થતા વિલંબ, નાગરિક-પુરવઠામાં સમયસર નહિ મળતા જથ્થા અંગે, માર્ગના કામો, પાક ફસલ બીમા યોજનામાં ખેડૂતોને થઈ રહેલ અન્યાય સહિતના પ્રશ્નો વધુ આવશે તેમ મનાઈ રહ્યું છે.

# ગરમીમાં આંશિક રાહત

**તાપમાનમાં ઘટાડો છતાં બપોરના ગાળામાં આગઝરતી ગરમી જારી : રસ્તા બપોરે યથાવતરીતે સુમસામ દેખાયા**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ગરમીના પ્રમાણમાં એકાએક ઘટાડો થતાં સામાન્ય લોકોને આજે રાહત થઈ હતી. જો કે, બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો બે ડિગ્રીથી વધુ ઘટી ગયો હતો. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૯ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમીનો અનુભવ થયો હતો જ્યાં પારો ૪૩.૭ ડિગ્રી રહ્યો હતો. હવામાન વિભાગ તરફથી મહત્તમ તાપમાન માટે કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તંત્ર સાવધાન છે. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. ગાંધીનગરમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. શહેરના જુદા જુદા વિસ્તારમાં બપોરના ગાળામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું છે.

# સચિવાલયના ગેટ-૬ અને ૭ની વચ્ચે બસસ્ટેન્ડ બનાવવા સામે આક્રોશ

**મહાત્મા મંદિર-વિધાનસભા સંકુલને જોડવાની વાતો માત્ર વાતો જ હતી ? રિનોવેશન બાદ વિધાનસભા સંકુલની આભા બસસ્ટેન્ડથી ઢંકાઈ રહી છે**

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત વિધાનસભાની બહાર સ્વર્ણિમ સંકુલની સામે બની રહેલા નવા બસના પીક-અપ સ્ટેન્ડથી સંકુલની શોભામાં ઘટાડો થશે તેવો સ્પષ્ટ મત સુંદર શહેર જોવા માગતા વસાહતીઓ દ્વારા થઈ રહ્યો છે.

વિધાનસભા ગેટ નં. ૬ અને ૭ની વચ્ચે નવુ પીકઅપ સ્ટેન્ડ નવી ડિઝાઈન સાથે બનાવવાની કાર્યવાહી ચાલુ છે. આ બસસ્ટેન્ડ બનતાં વિધાનસભાના રિનોવેશન પછી નવા ગેટઅપને ઝાંખપ લાગી રહી હોવાની વાતો નગરજનોની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

અમેરિકામાં વ્હાઈટહાઉસ હોય કે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિભવન જેમ આખેઆખુ સ્પષ્ટ દેખાય છે અને તેની જે આભા ઉભી થાય છે તે સહેલાગાહે આવતા પ્રવાસીઓનું નજરાણુ બને છે. મહાત્મા મંદિર અને વિધાનસભા સંકુલ વચ્ચે સ્વર્ણિમ પાર્ક બનાવી આખા વિસ્તારને નયનરમ્ય બનાવવાની વાત આને લઈ ખોડંગાઈ જતી હોવાની વાતો લોકો કરી રહ્યા છે.

નગરજનોના મત મુજબ સચિવાલયના કર્મચારીઓ માટે પીક-અપ સ્ટેન્ડ નથી બનાવાતા એટલુ જ નહિ ચ-રોડ પરની બસોનો વ્યવહાર પણ ઘટાડવામાં આવી રહ્યો છે અને રોડ એન્જીનીયરીંગમાં બદલાવની વાતો જ રહી ગઈ છે ત્યારે આ પીક-અપ સ્ટેન્ડ થોડુક દૂર બનાવ્યુ હોત તો સંકુલ નજરાણુ બની રહેશે તેમ સૌનુ માનવુ છે.



હાય રે ગરમી - છેલ્લા ઘણા દિવસોથી ગરમીનો પ્રકોપ શહેરી અને ગ્રામ્ય જીવન પર વર્તાય રહ્યો છે... ગરમીનો પારો ચઢઉતર રહેવા છતાં ૪૧-૪૨ ડિગ્રીથી નીચે જતો નથી... શહેરમાં શ્રમજીવીઓને કામકામજથી પરવારી જ્યાં છાંયો મળે ત્યાં વિસામો બનાવી દે છે અને રાહતનો દમ લે છે...


**ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ કન્યા છાત્રાલય-સેક્ટર-૨૮ માં પ્રવેશ**

જૂજ સંખ્યામાં ગાંધીનગરમાં ધોરણ-૫ થી કોલેજમાં અભ્યાસ કરતી દિકરીઓને પ્રવેશ આપી શકાય તેમ છે. પ્રવેશનો આખરી અધિકાર ટ્રસ્ટી મંડળનો રહેશે.

**ફોર્મ મેળવવાનું અને પરત આપવાનું સરનામું**

પ્લોટ નં. ૩૧૨, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

સમય:સવારના ૯:૦૦ કલાકથી ૧૨:૦૦ કલાક સુધી


**SPORTS AUTHORITY OF INDIA**

NETAJI SHUBHAS WESTERN CENTRE, SECTOR-15, GANDHINAGAR (Guj.) Phone 079-23223182 Fax :- 079-23222441 E-mail: rd.sai.nswc@gmail.com

**AUCTION NOTICE**

No. SAI/NSWC/GANDHINAGAR/Auction/2018-19 Dated :- 23.05.2018

SPORTS AUTHORITY OF INDIA, Netaji Subhas Western Centre, Sector-15, Gandhinagar 382 016 invites Auctioners (agencies) for the sale of following three condemned vehicles through Public Auction as per detailed given below.

| Sr. No. | Name of Vehicle to be Auctioned | Year of Manufacture |
|---|---|---|
| 01 | Ambassador Car (Diesel) GJ-18-A 3714 | Feb - 2000 |
| 02 | Auto Rickshaw (Bajaj Make Petorl) GJ-01-G1591 | July-1990 |
| 03 | DCM Toyato Mini Bus (Diesel) DBP - 1436 | Aug - 1988 |

Date & Time of Inspection by the Auctioneer: 28-5-2018 to 30-5-2018 (10.00 hours to 13.00 hours)
Date & Time for Auction: 31-05-2018 (15.00 hours)
Befor taking part in auction, EMD amount of Rs. 3000/- has to be deposited by the agency/auctioners in cash with the cashier against proper receipt or through DD in favour of Regional Director, Sports Authority of India, Gandhinagar.
The Detailed terms & conditions are available in website www.Sports Authority of India.nic and shall be announced before auction.

Deputy Director I/C
SAI GANDHINAGAR


**મળશે**

ડો. કિરીટ એસ. પટેલ

તા. ૨૬/૫/૨૦૧૮થી તેમના દવાખાને રાબેતા મુજબ મળશે.

૧૮૦, ડબલ ડેકર (હરસિદ્ધનગર) સેક્ટર-૨૪, ગાંધીનગર

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com